DGVCL-GETCO વચ્ચે સંકલનના અભાવે ઉદ્યોગો અટવાયા

કીમ-પીપોદરા, મોટા બોરસરા, કરંજ, કોસંબા અને માંડવીમાં વીજળી ખૂટી

સબ-સ્ટેશનોની ક્ષમતા વધારવા અને નવાં સબ-સ્ટેશનો સ્થાપવા ચેમ્બરની ઊર્જા રાજ્યમંત્રીને રજૂઆત

સુરત : દ.ગુજરાતના કીમ-પીપોદરા, મોટા બોરસરા, કરંજ, કોસંબા,માંડવી સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં વીજળીની વધતી માંગ સામે સબ-સ્ટેશનોની ક્ષમતા અપૂરતી હોવાના કારણે ઉદ્યોગોના વિસ્તરણમાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. DGVCL અને GETCO વચ્ચે સંકલનના અભાવે વીજ પુરવઠાને લગતા પ્રશ્નોનો સમયસર ઉકેલ આવતો ન હોવાની રજૂઆત સાથે ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)એ રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાને હસ્તક્ષેપ કરવા અનુરોધ કર્યો છે.

SGCCIના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું છે કે કીમ-પીપોદરા વિવર્સ એસો.તરફથી મળેલી રજૂઆત મુજબ, માંગરોળ તાલુકા સહિત દ.ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ટેક્સટાઇલ અને અન્ય ઉદ્યોગોનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. તેના કારણે વીજળીની માંગ સતત વધી રહી છે, પરંતુ સંબંધિત સબ-સ્ટેશનોની ક્ષમતા પૂર્ણ થઈ જતાં નવા ઉદ્યોગો શરૂ કરવા અને હાલના એકમોની ઉત્પાદન ક્ષમતા વધારવામાં અવરોધો સર્જાઈ રહ્યા છે. વીજ પુરવઠાની સમસ્યા અંગે DGVCLનો સંપર્ક કરવામાં આવે ત્યારે કેટલીક બાબતો GETCOના કાર્યક્ષેત્રની હોવાનું જણાવી જવાબદારી એકબીજા પર ઢોળવામાં આવતી હોવાની ફરિયાદ છે.

પાંચ મુદ્દે તાત્કાલિક પગલાં લેવા માંગ

ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાળાએ DGVCL અને GETCO દ્વારા વર્તમાન તથા ભવિષ્યની વીજ માંગનું સંયુક્ત મૂલ્યાંકન કરવા, સબ-સ્ટેશનોની ક્ષમતા વધારવા અને જરૂરિયાત મુજબ નવા સબ-સ્ટેશનો સ્થાપવા માગ કરી છે. નવા ઔદ્યોગિક વીજ જોડાણો માટેની પ્રક્રિયા ઝડપી બનાવવા તેમજ SGCCI, કીમ-પીપોદરા વિવર્સ એસોસિએશન અને બંને વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓની સંયુક્ત બેઠક યોજવાની પણ રજૂઆત કરાઈ છે. ઔદ્યોગિક વીજ સમસ્યાઓના ઝડપી નિવારણ માટે જવાબદાર અધિકારીઓ નક્કી કરી ફરિયાદોના ઉકેલની નિયમિત સમીક્ષા કરવાની માગ સાથે તેમણે જણાવ્યું છે કે વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાથી દક્ષિણ ગુજરાતમાં મૂડીરોકાણ, રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ મળી શકશે.

ઉધના સ્ટેશને 25 ઓક્ટો.થી ભીડ ઊમટશે GRPએ 250 વધારાના જવાન માંગ્યા

હાલ 67 જવાનના ભરોસે સુરક્ષા, દિવાળી-છઠ પર ભીડ સંભાળવાની તૈયારી તેજ

DRM પંકજ સિંહે બેરિકેડિંગ અને હોલ્ડિંગ એરિયાનું નિરીક્ષણ કર્યું

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર ઉત્તર પ્રદેશ, બિહાર સહિતના રાજ્યોમાં વતન જતા મુસાફરોની ભીડને લઈને ઉધના રેલવે સ્ટેશન પર તૈયારીઓ તેજ થઈ ગઈ છે. 25 ઓક્ટોબરથી સ્ટેશન પર મુસાફરોની સંખ્યામાં મોટા પાયે વધારો થવાની સંભાવના છે. તેને જોતાં રેલ પ્રશાસન જ્યાં મુસાફરોની અવરજવર નિયંત્રિત કરવા અને વધારાની ટ્રેનો દોડાવવાની તૈયારી કરી રહ્યું છે, ત્યાં સુરત રેલવે પોલીસ (GRP)એ પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની કવાયત શરૂ કરી છે. ભીડને સંભાળવા માટે GRPએ વડોદરા રેલ પોલીસ હેડક્વાર્ટર પાસે 250 વધારાના પોલીસ જવાનોની માંગણી કરી છે.

હાલ ઉધના રેલવે સ્ટેશન પર રેલવે પોલીસના કુલ 67 જવાન ફરજ બજાવે છે. તહેવારો દરમિયાન સંભવિત ભારે ભીડને જોતાં આટલા જવાનો સાથે સુરક્ષા અને ભીડ નિયંત્રણનો પડકાર વધી શકે છે. વધારાના પોલીસ બળના બંદોબસ્તથી સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ, પ્લેટફોર્મ અને મુસાફરોની અવરજવરવાળા મુખ્ય સ્થળો પર નજર વધારવામાં મદદ મળશે. જો કે, વધારાના જવાનોના બંદોબસ્ત અંગે હજુ મંજૂરી અને ઉપલબ્ધતાની સ્થિતિ સ્પષ્ટ નથી.

બીજી તરફ, મુંબઈ સેન્ટ્રલ સર્કલના ડીઆરએમ પંકજ સિંહ આજે બુધવારે ઉધના રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે રેલવેના અધિકારીઓ સાથે બેઠક કરી દિવાળી અને છઠ પૂજા દરમિયાન ભીડ મેનેજમેન્ટની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે સ્ટેશન પર બેરીકેડિંગ અને હોલ્ડિંગ એરિયાનું નિરિક્ષણ કર્યું હતું. હોલ્ડિંગ એરિયામાં મુસાફરોને ટ્રેનો ઉપડતા પહેલા વ્યવસ્થિત રીતે રોકી શકાશે, જેથી પ્લેટફોર્મ પર અચાનક ભીડ વધવાની સ્થિતિને નિયંત્રિત કરવામાં મદદ મળશે.

ભીડના અંદાજ બાદ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. તહેવારો દરમિયાન મુસાફરોની સંખ્યા અને મુખ્ય રૂટો પર દબાણનું આંકલન કરી ડીઆરએમએ જલદી સ્પેશિયલ ટ્રેનોના સંચાલનની યોજના બનાવવાના નિર્દેશ પણ આપ્યા છે.

ઉધનાથી જયનગર વચ્ચે બે જોડી અનારક્ષિત ટ્રેન દોડાવાશે

દરેક ટ્રેનના 4-4 ફેરા થશે, 18 ઓક્ટોબરથી સેવા શરૂ

વડોદરા, રતલામ, ઝાંસી, પટના, દરભંગા રૂટ પર દોડશે

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર વધતી ભીડને પહોંચી વળવા પશ્ચિમ રેલવેએ ઉધના અને જયનગર વચ્ચે બે જોડી અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. પ્રથમ ટ્રેન 09073/09074 ઉધના-જયનગર-ઉધના અનારક્ષિત સ્પેશિયલ 4 ફેરા કરશે. ટ્રેન નંબર 09073 ઉધના-જયનગર સ્પેશિયલ રવિવારે ઉધનાથી સવારે 09:50 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે મંગળવારે સવારે 05:30 કલાકે જયનગર પહોંચશે. આ ટ્રેન 18 અને 25 ઓક્ટોબર 2026ના રોજ દોડશે.

પરતમાં ટ્રેન નંબર 09074 જયનગર-ઉધના સ્પેશિયલ મંગળવારે જયનગરથી સવારે 09:00 કલાકે ઉપડી ગુરુવારે સવારે 07:30 કલાકે ઉધના પહોંચશે. તે 20 અને 27 ઓક્ટોબરે દોડશે.

બીજી ટ્રેન 09071/09072 પણ 4 ફેરા કરશે. ટ્રેન નંબર 09071 ઉધના-જયનગર સ્પેશિયલ રવિવારે બપોરે 15:45 કલાકે ઉધનાથી ઉપડી મંગળવારે સવારે 11:30 કલાકે જયનગર પહોંચશે.

તે પણ 18 અને 25 ઓક્ટોબરે દોડશે. જ્યારે ટ્રેન નંબર 09072 જયનગર-ઉધના મંગળવારે બપોરે 13:30 કલાકે જયનગરથી ઉપડી ગુરુવારે સવારે 08:30 કલાકે ઉધના આવશે. તે 20 અને 27 ઓક્ટોબરે દોડશે. બંને ટ્રેનો વડોદરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, ઝાંસી, ગોવિંદપુરી, સુબેદારગંજ, પં. દીનદયાલ ઉપાધ્યાય, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, દરભંગા, મધુબની સહિતના સ્ટેશનો પર રોકાશે. બંને ટ્રેન સંપૂર્ણ અનારક્ષિત રહેશે અને તેમાં સેકન્ડ ક્લાસ સ્લીપર અને સેકન્ડ ક્લાસ કોચ રહેશે.

માત્ર શંકાના આધારે કરચોરી નક્કી કરી ન શકાય: GSTAT

બીજું ઈ-વે બિલ એટલે બીજો સપ્લાય નહીં, ટોલ પ્લાઝા અને ડિલિવરીના નક્કર પુરાવા જરૂરી

સુરતઃ જીએસટી હેઠળ ઈ-વે બિલના કેસમાં GSTATએ અત્યંત મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર શંકાના આધારે કરચોરી નક્કી કરી શકાય નહીં અને કરચોરીનું અનુમાન ક્યારેય પુરાવાનું સ્થાન લઈ શકે નહીં.

ટ્રિબ્યુનલ સમક્ષના કેસમાં વિભાગે આરોપ લગાવ્યો હતો કે વેપારીએ એક જ માલ માટે પહેલા ઈ-વે બિલનું વેરિફિકેશન થયા બાદ ફરી તે જ માલ બીજા ઈ-વે બિલ પર લઈ જઈને ઈ-વે બિલનો દુરુપયોગ કર્યો છે. જોકે, ટ્રિબ્યુનલે તપાસમાં જોયું કે માલ સાથે રહેલા ઈન્વોઈસ, ઈ-ઈન્વોઈસ અને ઈ-વે બિલમાં માલનું વર્ણન, જથ્થો, કિંમત અને માલિકીમાં કોઈ વિસંગતતા નહોતી.

ટ્રિબ્યુનલે આકરા શબ્દોમાં નોંધ્યું કે, વિભાગ પાસે એવો કોઈ સ્વતંત્ર પુરાવો નથી કે આ માલની ડિલિવરી અગાઉ થઈ ચૂકી છે. માત્ર જપ્તી હુકમમાં ‘બીજું ઈ-વે બિલ બનાવ્યું’ એમ લખી દેવાથી કરચોરી સાબિત થતી નથી. વિભાગે ફરજિયાતપણે ટોલ પ્લાઝા મૂવમેન્ટ ડેટા, જીપીએસ ડેટા અથવા ખરીદનારના ત્યાં ડિલિવરી થયાનો પુરાવો રજૂ કરવો પડે. ચુકાદામાં સુપ્રીમ કોર્ટના સત્યમ શિવમ પેપર્સ અને અલ્હાબાદ હાઈકોર્ટના શ્રી સૂર્યા ટ્રેડર્સ કેસનો હવાલો આપતાં ટ્રિબ્યુનલે કહ્યું કે, બીજું ઈ-વે બિલ બનવું એટલે બીજો અલગ સપ્લાય થયો એવું માની ન શકાય. આખરે ટ્રિબ્યુનલે માલની જપ્તી અને લગાવેલી ટેક્સ-પેનલ્ટી રદ કરી હતી અને જમા રકમ પરત કરવાનો આદેશ આપ્યો હતો. આ ચુકાદાથી ટેક્નિકલ કારણોસર બીજો ઈ-વે બિલ બનાવનારા હજારો ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓને મોટી રાહત મળશે.

વિશ્વ વિદ્યાર્થી દિવસ

સુરતના ૮.૭૯ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦૬ કરોડની શૈક્ષણિક સહાય

નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના બની શિક્ષણનું આર્થિક બળ

દીકરીઓના અભ્યાસ અને વિજ્ઞાન શિક્ષણને મળી રહ્યું છે પ્રોત્સાહન

સુરતઃ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના જન્મદિવસે, ૧૫ ઓક્ટોબરે ઉજવાતા વિશ્વ વિદ્યાર્થી દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓનાં સપનાં સાકાર કરવામાં શિક્ષણ અને આર્થિક સહયોગની ભૂમિકા વિશેષ મહત્ત્વ ધરાવે છે.

આ દિશામાં રાજ્ય સરકારની નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના વિદ્યાર્થીઓને અભ્યાસ ચાલુ રાખવા અને ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ દરમિયાન બંને યોજનાઓ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૮,૭૯,૩૦૯ લાભાર્થીને રૂ.૧૦૬.૦૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૬,૨૫,૦૧૭ લાભાર્થીને રૂ.૪૪.૧૯ કરોડની સહાય મળી હતી, જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં ૨,૫૪,૨૯૨ લાભાર્થીને રૂ.૬૧.૮૭ કરોડની સહાય ચૂકવાઈ છે. દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરી શકે અને આર્થિક મુશ્કેલીઓના કારણે અભ્યાસ અધૂરો ન છોડે તે હેતુથી અમલમાં મૂકાયેલી નમો લક્ષ્મી યોજના હેઠળ નોંધપાત્ર સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૫,૩૦,૨૬૩ લાભાર્થીને રૂ. ૩૪.૭૨ કરોડ, જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં ૨,૧૦,૧૮૭ લાભાર્થીઓને રૂ.૫૪.૩૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

વિજ્ઞાન શિક્ષણથી કારકિર્દીની નવી તકો

વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા ઇચ્છતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલમાં છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં ૯૪,૭૫૪ વિદ્યાર્થીને રૂ.૯.૪૮ કરોડની સહાય આપવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં ૪૪,૧૦૫ વિદ્યાર્થીને રૂ.૭.૫૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આર્થિક સહયોગથી વિદ્યાર્થીઓને વિજ્ઞાનના અભ્યાસ તરફ પ્રોત્સાહન મળે છે અને ભવિષ્યમાં ટેક્નોલોજી સહિતનાં ક્ષેત્રોમાં કારકિર્દી ઘડવાની તક મજબૂત બને છે.

ચંદીગઢના 40 વિદ્યાર્થી ગુજરાતના પ્રવાસે, CM સાથે મુલાકાત કરી

ગાંધીનગરઃ દેશનાં વિવિધ રાજ્યોના યુવાનો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન, રાષ્ટ્રીય એકતા અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂ કરાયેલી ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ પહેલ હેઠળ ચંદીગઢના 40 વિદ્યાર્થીઓનું પ્રતિનિધિમંડળ ગુજરાતના પ્રવાસે આવ્યું છે. 10થી 16 ઑક્ટોબર દરમિયાન ગુજરાતની મુલાકાતે આવેલા આ પ્રતિનિધિમંડળે બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ ગુજરાતનાં ઐતિહાસિક અને પ્રવાસન સ્થળો ઉપરાંત રાજ્યની સંસ્કૃતિ, પરંપરા, ઔદ્યોગિક સિદ્ધિઓ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં થયેલી પ્રગતિનો પ્રત્યક્ષ પરિચય મેળવશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત ‘યુવા સંગમ’ કાર્યક્રમના પાંચ મુખ્ય આયામો–પર્યટન, પરંપરા, પ્રગતિ, ટેકનોલોજી અને જન-જન વચ્ચે સંપર્ક–પર આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સેન્ટ્રલ યુનિ. આ પ્રતિનિધિમંડળની યજમાની કરી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓ સાથેના સંવાદ દરમિયાન તેમને જીવનમાં સકારાત્મક અભિગમ સાથે પ્રગતિ સાધવા પ્રેરિત કર્યા હતા. સાથે જ ગુજરાતના પ્રવાસ દરમિયાન મેળવેલા અનુભવો અને રાજ્યના વિકાસ અંગેની સમજ પોતાના રાજ્યમાં ખુલ્લા મને રજૂ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને સચિવ ડૉ. અજય કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતના 50 વિદ્યાર્થીઓનું પ્રતિનિધિમંડળ પણ 22થી 29 ઑક્ટોબર દરમિયાન પંજાબની મુલાકાતે જશે. આ પ્રવાસ માટે મળેલી આશરે 5,000 અરજીઓમાંથી નિર્ધારિત પસંદગી પ્રક્રિયા દ્વારા 50 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

દેવધ-તલંગપુર માઈનોર કેનાલના રસ્તા પાકા બનશે

સુરતઃ ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈની રજૂઆતને પગલે રાજ્ય સરકારે દેવધ અને તલંગપુર માઈનોર કેનાલના સર્વિસ રોડને પાકા બનાવવા રૂ.4 કરોડના અંદાજપત્રકને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે આ અંગે સત્તાવાર ઠરાવ કર્યો છે. ઉકાઈ-કાકરાપાર પ્રોજેક્ટ હેઠળ ચલથાણ શાખાની દેવધ માઈનોર કેનાલના ૦થી ૧૫૫૦ મીટર અને ૫૫૦૦થી ૮૧૫૦ મીટર સુધીના રસ્તાઓ લાંબા સમયથી કાચા અને બિસમાર છે. ખાડા તથા ઝાડી-ઝાંખરાંને કારણે ખેડૂતો અને વાહનચાલકોને મુશ્કેલી પડતી હતી. નહેરની દેખરેખ, પાણી વિતરણ અને વોટર રીડિંગ માટે પણ સિંચાઈ વિભાગના કર્મચારીઓને હાલાકી વેઠવી પડતી હતી. રસ્તાઓ બી.ટી. બનવાથી ખેડૂતો ખેતપેદાશો અને શાકભાજી સુરતનાં બજારોમાં સરળતાથી પહોંચાડી શકશે.

RMC પ્લાન્ટ માલિક સાથે રૂપિયા ૫૬.૦૪ લાખની ઠગાઈ

શિવશક્તિ આર.એમ.સી. પ્લાન્ટના ગ્રાહકો પાસેથી નાણાં ઉઘરાવી વાપરી નાંખ્યા

સુરત : ચોર્યાસી તાલુકાના અસારમા ગામ ખાતે આવેલા રેડીમેડ કોંક્રીટ પ્લાન્ટના માલિક સાથે બિલિંગ અને કલેક્શનના નામે રૂપિયા ૫૬.૦૪ લાખથી વધુ રકમની ઉચાપત અને છેતરપિંડીનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સુવાલીના રાજગીરીના રેવાફળિયા ખાતે રહેતા જયેશભાઈ જેરામભાઈ આહિર (ઉ.વ.૪૨) પોતાના ભાગીદારો સાથે અસારમા ગામમાં આવેલી ‘શિવશક્તિ આર.એમ.સી. પ્રાઈવેટ લિમિટેડ’ નામથી રેડીમેડ કોંક્રીટ બનાવવાનો પ્લાન્ટ ચલાવે છે. અગાઉના માલિકો પાસેથી કંપની ખરીદ્યા બાદ જુની કંપનીમાં સેલ્સમેન (કમિશન એજન્ટ) તરીકે ફરજ બજાવતા દીશાંક રાજેશભાઈ ગજ્જરને તેમણે પોતાની કંપનીમાં પણ માર્કેટીંગ અને ઓર્ડર લાવવાની જવાબદારી સોંપી હતી. દીશાંક ગજ્જર અને તેનો સાથીદાર નિલેશ ભગુભાઈ પટેલ કંપનીના માર્કેટીંગનું કામ સંભાળતા હતા. દરમિયાન, માર્ચ ૨૦૨૬ થી મે ૨૦૨૬ ના ગાળામાં દીશાંક અને નિલેશે હર્ષતભાઈ નામના વેપારી ઉપરાંત સુરેશભાઈ, હાર્દિકભાઈ નારોલા, દિનેશભાઈ પટેલ, મિલનભાઈ, અંકુરભાઈ કાનાણી, હાર્દિકભાઈ સાવલિયા, અરવિંદભાઈ માંગુકિયા, કૌશિકભાઈ રાજાણી અને રાજેશભાઈ નાવડિયા જેવા અનેક બિલ્ડરો અને વેપારીઓને ક્રેડિટ પર લાખો રૂપિયાનો માલ સપ્લાય કરાવ્યો હતો. કંપની માલિકે ગ્રાહકો પાસે બાકી નાણાંની માંગણી કરી હતી. ગ્રાહકો પાસેથી જાણવા મળ્યું હતું કે તેઓએ દીશાંક અને નિલેશ પટેલને નાણાં ચૂકવી દીધા હતા અને તેમની સહીઓ પણ રજિસ્ટરમાં મેળવી લીધી હતી. આમ, બંને આરોપીએ કુલ ૫૬,૦૪,૩૭૫ની રકમ ઉઘરાવી લઈ વાપરી નાખી હતી. જ્યારે જયેશભાઈ આહિરે બંને આરોપીઓ પાસે હિસાબ માગી નાણાંની માંગણી કરી ત્યારે આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ નાણાં નહીં મળે, થાય તે કરી લો અને જો નાણાં માગશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. આખરે વિશ્વાસઘાત અને ઉચાપતનો ભોગ બનેલા વેપારીએ પોલીસના શરણે જઈ ફરિયાદ નોંધાવતાં પાલ પોલીસે દિશાંક રાજેશભાઈ ગજ્જર (ઉં.વ.૩૨) અને નિલેશભાઈ ભગુભાઈ પટેલ (ઉં.વ.૪૪), બંને રહે., રહે, જાનકી પાર્ક સોસા., ભેસ્તાન) વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઈન્સ્ટા પર મિત્રતા બાદ પ્રેમમાં ફસાવી સગીરા પર દુષ્કર્મ

મજૂરાગેટની આઈટીઆઈમાં અભ્યાસ કરતી કિશોરીને રાંદેરના ફ્લેટમાં લઈ જઈ ચાર વખત શરીર સંબંધ બાંધ્યા

સુરત : અમરોલીમાં રહેતી અને મજૂરાગેટની આઈટીઆઈમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય કિશોરીની ઈન્સ્ટાગ્રામ મારફતે કિશોર સાથે મિત્રતા થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. કિશોર કિશોરીને ફરવા લઈ જવાના બહાને રાંદેરમાં મિત્રના ફ્લેટ પર લઈ ગયો હતો, જ્યાં તેની મરજી વિરુદ્ધ ચાર વખત શરીર સંબંધ બાંધતા મામલો ઉમરા પોલીસમાં પહોંચ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, અમરોલી વિસ્તારમાં રહેતી મૂળ રાજસ્થાનના પરિવારની ૧૭ વર્ષીય કિશોરી મજૂરાગેટ સ્થિત આઈટીઆઈમાં અભ્યાસ કરે છે. થોડા સમય પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે તેની ઓળખ ૧૭ વર્ષીય કિશોર સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે સતત વાતચીત થવા લાગતાં પરિચય પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. આ દરમિયાન કિશોરીને મળવા માટે કિશોર આઈટીઆઈ ખાતે પહોંચ્યો હતો.

ત્યાંથી તેને ફરવા લઈ જવાના બહાને બાઈક પર બેસાડી રાંદેર વિસ્તારમાં આવેલા મિત્રના ફ્લેટ પર લઈ ગયો હતો. ફરિયાદ મુજબ, ફ્લેટ પર પહોંચ્યા બાદ કિશોરીની મરજી વિરુદ્ધ તેની સાથે ચાર વખત શરીર સંબંધ બાંધવામાં આવ્યા હતા.

આ ઘટનાથી વ્યથિત કિશોરી ત્યાંથી નીકળી ગયા બાદ ઘરે પહોંચી હતી અને પરિવારજનોને સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારબાદ મામલો ઉમરા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી સગીર કિશોરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

RTE ફીની સહાય માટે શાળાઓ 19 ઓક્ટોબર સુધી દરખાસ્ત કરી શકશે

સુરતની ખાનગી પ્રાથમિક શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારીની સૂચના

બપોરે 12થી 4 દરમિયાન આધાર-પુરાવા સાથે રૂબરૂ રજૂઆત કરવી પડશે

સુરત : રાઇટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ વર્ષ 2026-27માં મફત પ્રવેશ આપનાર સુરત મહાનગરપાલિકા વિસ્તારની ખાનગી પ્રાથમિક શાળાઓને ફી સહાય અંગેની બાકી માહિતી અને દરખાસ્ત રજૂ કરવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સૂચના આપવામાં આવી છે. જે શાળાઓએ માહિતી આપી હોવા છતાં તેમના બેંક ખાતામાં સહાયની રકમ જમા થઈ નથી અથવા જેમની માહિતી રજૂ કરવાની બાકી છે, તેમણે ખુલાસા સહિતની દરખાસ્ત તા. 15થી 19 ઓક્ટોબર દરમિયાન રજૂ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત દ્વારા તમામ સંબંધિત શાળાઓના આચાર્યોને જણાવાયું છે કે અગાઉ શાળાઓમાં RTE હેઠળ મફત પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા અને ચાલુ વર્ષ 2026-27ની ફી અંગેની માહિતીના આધારે શાળા મુજબ દરખાસ્ત તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી. આ માટે કેમ્પનું પણ આયોજન કરાયું હતું. ત્યારબાદ કેમ્પમાં માહિતી રજૂ કરવાની બાકી રહી ગયેલી શાળાઓને ફરીથી વિગતો આપવા જણાવાયું હતું. જે શાળાઓએ દરખાસ્ત રજૂ કરી હતી, તેમની વિદ્યાર્થી સંખ્યા અને દરખાસ્ત મુજબની RTE ફી સહાયની રકમ IFMS મારફતે શાળાના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. જોકે, માહિતી આપવા છતાં રકમ જમા ન થઈ હોય તેવી શાળાઓએ પણ જરૂરી ખુલાસા સાથે રજૂઆત કરવાની રહેશે. સંબંધિત શાળાઓએ તા. 15થી 19 ઓક્ટોબર, 2026 દરમિયાન બપોરે 12થી સાંજે 4 વાગ્યા સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની પ્રાથમિક શાખામાં રૂબરૂ હાજર રહી તમામ આધાર-પુરાવા સાથે દરખાસ્ત રજૂ કરવાની રહેશે. RTE ફી સહાય અંગે કચેરી દ્વારા અગાઉ તા. 23 જૂન, 4 જુલાઈ અને 7 ઓગસ્ટ, 2026ના રોજ પત્રો જારી કરવામાં આવ્યા હતા. હવે બાકી રહેલી માહિતી અને સહાય સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે શાળાઓને નિર્ધારિત સમયમર્યાદામાં રજૂઆત કરવા જણાવાયું છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

1000 બાળકોને...

ગ્રાહક બનાવી મેડિકલ સ્ટોર પર મોકલવામાં આવ્યા હતા.જ્યાં આરોપીએ બાળકોના લીવર માટે વપરાતી હિમાલય કંપનીની ‘Liv.52 drops (60ML)’ ની બોટલ આપી હતી.ઈશારો મળતાં જ પોલીસે દરોડો પાડી તપાસ હાથ ધરતા સ્થળ પરથી ૫ લીટરનું ‘Liv.52 Protec Animal Feed’ નું ખુલ્લું કેન, ખાલી બોટલો, બુચ, ઢાંકણ તેમજ બાળકોની દવાના બોગસ સ્ટીકરો મળી આવ્યા હતા. ચોંકાવનારી બાબત એ છે કે પશુઓની દવા સસ્તી આવતી હોવાથી આરોપી સગરામપુરા તલાવડી ખાતેની ‘અમીન ઝેરોક્સ’માંથી હિમાલય કંપનીના કલર પ્રિન્ટ સ્ટીકર બનાવડાવી, ખાલી બોટલોમાં પશુની દવા ભરીને રૂ. ૧૪૦માં વેચતો હતો.પોલીસે મેડિકલ સ્ટોરના માલિક મોહમદ સાજીદ ઈબ્રાહિમ મુલ્લા (ઉ.વ.૫૧, રહે. પાંજનીગરવાડ બેગમપુરા)ની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસની સ્માર્ટ રણનીતિ: ડમી ગ્રાહકે ખુલ્લું પાડ્યું પાપ

પકડાયેલા આરોપી મોહમદ સાજીદે પોલીસ પૂછપરછ દરમિયાન ચોંકાવનારી કબૂલાત કરી હતી કે માનવ સારવાર માટે વપરાતી દવાઓ કરતાં પશુઓની સારવાર માટેની દવાઓ બજારમાં ઘણી સસ્તી મળે છે. વધુ આર્થિક નફો કમાવવાની લાલચમાં તેણે આ ગંદો કારોબાર શરૂ કર્યો હતો. ગ્રાહકોને કોઈ શંકા ન જાય તે માટે તે પશુઓની Liv.52 ની મોટી બોટલો કે કેનમાંથી પ્રવાહી કાઢીને બાળકો માટેની નાની ખાલી બોટલોમાં રીફિલ કરતો હતો. આ બોગસ દવાઓ તે રૂ. ૧૪૦ ના ભાવે વેચતો હતો. પુત્રીના લાયસન્સના આધારે તે મેડીકલ સ્ટોર ચલાવતો હતો.

સુરતમાં જાણીતા...

ગઢડા તાલુકાના અડતાળા ગામના વતની અને હાલ કતારગામની અક્ષરધામ સોસાયટીમાં રહેતા સંદીપભાઈ બેલડિયા (ઉ.વ. ૩૬) વિરુદ્ધ કોપીરાઇટ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

AI કેમેરાથી...

દ્વારા સ્થળ પરની ભીડ પર નજર રાખવામાં આવે છે. નિર્ધારિત મર્યાદા કરતાં વધુ લોકો એકઠા થતાં જ કંટ્રોલ રૂમમાં બીપ સાથે સાયરન વાગે છે. ત્યારબાદ સ્થળ પર તૈનાત પોલીસ બંદોબસ્તને જાણ કરી પ્રવેશદ્વાર બંધ કરાવવામાં આવે છે, જેથી ભીડને નિયંત્રિત કરી શકાય.

નોરતા તપશે...

ટકા નોંધાયું છે. એટલે કે ભેજમાં ૧૧ ટકાનો ઘટાડો થયો છે. ગઈકાલે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ૮ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો હતો, જ્યારે આજે પવનની સ્થિતિ શાંત (કેલ્મ) નોંધાઈ છે. બીજી તરફ હવામાન વિભાગ નવરાત્રિ પછી 27 તારીખની આસપાસ ફરી માવઠાની આગાહી કરી છે. છુટાછવાયા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડી શકે.

સગીર ભાણકીએ...

અધ્યન બાદ કોર્ટે ભોગ બનનારની દલીલ ફગાવી દીધી હતી. કારણ કે મિલકત વિવાદનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયો નહોતો. કોર્ટે નોંધ્યું કે ભોગ બનનાર આરોપીના પ્રભાવ હેઠળ હોવાનું જણાય છે અને મેડિકલ હિસ્ટ્રી નકારી શકાય નહીં. તેમજ જન્મેલી બાળકીના ડી.એન.એ. રિપોર્ટમાં આરોપી જૈવિક પિતા હોવાનું ઠર્યું હતું. ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે મામા તરીકે આરોપીની નૈતિક ફરજ ભાણીને સમજાવવાની અને માતા-પિતાને જાણ કરવાની હતી, પરંતુ તેણે સંબંધોમાં વિશ્વાસઘાત કર્યો હતો. કોર્ટે ડી.એન.એ. રિપોર્ટ કેસના અંતિમ તબક્કામાં રજૂ થવા બાબતે ગંભીર નોંધ લીધી હતી. સ્પેશિયલ પોક્સો કોર્ટેનાં જજ હર્ષદ શામરાવ ખુટવડએ આરોપી મામાને દોષિત ઠેરવી સજા ફટકારી હતી.

પ્લાસ્ટિકનાં ઈંડાં મૂકીને તેના કેરેટની આડમાં વિદેશી દારૂની કરાતી હેરાફેરી

સંજયનગરમાંથી 82 પેટી દારૂ અને 17,640 નંગ પ્લાસ્ટિકનાં ઈંડાં ઝડપાયાં, 3 બુટલેગર ફરાર

હેડક્વાર્ટર બદલી પામેલા ‘કેશિયર’ જિગ્નેશની ભૂમિકા શંકાના દાયરામાં

સુરત : ઉધના વિસ્તારમાં ફિલ્મી ઢબે પ્લાસ્ટિકના ઈંડાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડી પોલીસે કુલ 11.49 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. 13 ઑક્ટોબરની મોડી રાત્રે પીસીબીની ટીમ નવરાત્રી બંદોબસ્ત અને પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉધના રોડ નંબર-6, સંજયનગર ખાતે આવેલી આઈ. શ્રી એન્ટરપ્રાઈઝ વાળી ગલીમાં વોચ ગોઠવવામાં આવી હતી. ત્યાં જાહેર રસ્તા પર મહિન્દ્રા બોલેરો મેક્સ પિકઅપ ટેમ્પો (GJ-19-Z-4120) અને બજાજ થ્રી-વ્હીલર ટેમ્પો (GJ-05-CV-9947) પાર્ક કરીને ત્રણ ઈસમો માલસામાનની અદલાબદલી કરી રહ્યા હતા. પોલીસે કોર્ડન કરવાનો પ્રયાસ કરતાં જ ત્રણેય શખ્સો રાતના અંધારાનો ગેરલાભ ઉઠાવીને નાસી છૂટ્યા હતા. પોલીસે વિવિધ બ્રાન્ડની વ્હિસ્કી, વોડકા અને બીયરના ટીન સહિત 82 પેટીઓ બોલેરો પિકઅપ ટેમ્પો અને બજાજ રિક્ષા ટેમ્પોની સાથે દારૂ ઢાંકવા વપરાયેલાં 588 કેરેટમાંથી મળેલાં 17,640 પ્લાસ્ટિકનાં ઈંડા સહિત રૂ.11,49,036નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગુનો નોંધી સપ્લાયર-રિસીવરની શોધખોળ શરૂ

આ મામલે સ્થળ પરથી ફરાર થયેલા ત્રણ અજાણ્યા શખ્સો ઉપરાંત માલ મોકલનાર અને મંગાવનાર સ્થાનિક બુટલેગર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પીએસઆઈ બી.કે. વાઘેલાએ આ સમગ્ર નેટવર્ક ક્યાંથી ઓપરેટ થતું હતું અને દારૂ ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ખાખીમાં કાળી ટીલી?

સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ વિવાદોમાં સપડાયેલા અને હાલ હેડક્વાર્ટરમાં બદલી કરાયેલા પોલીસ કર્મચારી/કેશિયર જિગ્નેશની આ સમગ્ર રેકેટમાં ‘પડદા પાછળની’ ભૂમિકા હોવાની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. સ્થાનિક સ્તરે કોઈને ન ગાંઠતો આ કર્મચારી કોઈ રાજકીય આકાના આશીર્વાદ હેઠળ આ ગેરકાયદે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે.

રાજ્યમાં મધ્યાહન ભોજનમાં મગ-કઠોળનો CMએ સમાવેશ કરાવ્યો

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યની આંગણવાડીઓમાં નાના ભૂલકાંઓને મળતા ગરમ અને પૌષ્ટિક ભોજનની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નિર્ણય મુજબ સંકલિત બાળ વિકાસ યોજના (આઈસીડીએસ)ની પૂરક પોષણ યોજના હેઠળ હૉટ કુક્ડ મીલ માટે આંગણવાડી કાર્યકરોને સ્થાનિક ખરીદી માટે મળતા નાણાકીય દરમાં 67 ટકા જેટલો મોટો વધારો કરવામાં આવ્યો છે. આ દર અત્યાર સુધી પ્રતિ લાભાર્થી પ્રતિદિન રૂ. 5.10નો હતો કે જે હવે વધારીને રૂ. 8.50 કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યની 53,065 આંગણવાડીઓમાં ભણતા 3થી 6 વર્ષના લગભગ 16.17 લાખથી વધુ બાળકોને વધુ પૌષ્ટિક આહાર મળશે.

પોષણનો ‘પાવર પેક’

સાપ્તાહિક મેનુમાં બાફેલા અથવા ફણગાવેલા મગ, તુવેરદાળનું લચકો, વેજિટેબલ પુલાવ, લીલા શાકભાજીના મુઠિયા, મસાલા ચણા, મગ-ભાત, શાકભાજી, ફળ, શીરો, સુખડી, દુધીના ઢેબરા, ગોળ પુડલા, ભાખરી, મુઠિયા, ઢોકળા અથવા ઇડલી જેવી વિવિધ વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.